સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

સૈન્ય-સુરક્ષાનાં બજટ પણ કોરાય છે કેમ ?
ઓરાય છે અંબાણીને, નિષ્ઠા ડહોળાય છે કેમ ?
ખોરવાય છે કેમ ? સચિવાલય શિસ્ત-પ્રક્રિયા,
દસ્તાવેજ દેશની સુરક્ષાના ચોરાય છે કેમ ?

હાઈકુ

ફૂટેલું તંત્ર
ને ચોકીદાર ચોર -
લૂંટાય દેશ -

નેતા ને લાડુ -
સૈનિકોના 'ભાગે' તો -
આવે શહિદી

ચિંતન

अन्तर्बहिः स्वं स्थिरजगमेषु ज्ञानात्मनाधारतया विलोक्य ।
त्यक्ताखिलोपाधिरखंडरूपः पूर्णात्मना यः स्थित एष मुक्तः ॥

ઉપરોક્ત શ્લોક ડિવાઈન સંસ્કૃત સુભાષિતમાંથી લેવામાં આવેલ છે.

સ્થાવર જંગમ બધા પદાર્થોની અંદર અને બહાર જ્ઞાનમયી દૃષ્ટિથી આત્માને સ્વયં આધાર જાણીને, જે સમસ્ત ઉપાધિઓથી મુક્ત થઈ અખંડ અને પૂર્ણરૂપે રહે છે, તે મુક્ત છે.

સ્થાવર અને જંગમ મિલ્કતો - સ્થાન તેમાં રહેવા છતાં તેનાથી બહાર હોય, નિર્લેપ હોય એવી રીતે જેને જીવતાં આવડે તે આત્મા જ સાચો મુક્ત છે. સાધુ - સંતો સુખ-સુવિધાના સાધન રાખે છે. પણ તેના પ્રત્યે તેમને 'મારું' છે એવું મમત્વ નથી હોતું - શ્રમ-પ્રેમથી બનાવેલી કુટિર પલભરમાં છોડી ચાલ્યા જાય છે.

સુવિચાર

- દેખકર દર્દ કિસી કા જો આહ નિકલ જાતી હૈ, બસ ઈતની સી બાત આદમી કો ઈન્સાન બનાતી હૈ - **દિલનાઝ પટેલ**
- ધર્મ, ધ્યાન, જ્ઞાન, અન્ન, દવાઓનો હંમેશા સંગ્રહ કર્યો કરવો જોઈએ. આ બધી વસ્તુ માણસના ખરાબ સમયમાં કામ લાગે છે - **ચાણક્ય**
- સત્‌ચિત્ એટલે જ્ઞાન, અસત્ ચિત્ત એટલે અજ્ઞાન - **એસ. ભટ્ટાચાર્ય**
- ગ્રહણ કરવાનુંય આપણા હાથમાં નથી ને છોડવાનું ય આપણા હાથમાં નથી. બંને પર છે ને પરાધીન છે - **જ્ઞાનસૂત્ર**
- પોતાનો સ્વચ્છંદ પોતાને જ ઓળખાય નહીં, પણ જે ને તે ઓળખાય એ 'જ્ઞાતી' કહેવાય - **ભીખુદાન ગઢવી**
- સંપૂર્ણ પરિગ્રહરહિત થયો કે પોતે પ્રકાશમાન સૂર્યનારાયણ જેવો પ્રકાશમાન, અનંત સુખનું ધામ થાય - **આપ્તસૂત્ર**
- આજનું ઔષધ : ગાયનું ઘી, મીણ મેળવી અગ્નિમાં નાખી એનો ધુમાડો શ્વાસમાં લેવાથી વારંવાર આવતી છીંકો બંધ થઈ જાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

સોળમી સદીની વાત છે. એ વખતે હિન્દુસ્તાનમાં મુસ્લિમ બાદશાહ યાકુબની હાક વાગતી હતી. યાકુબ ધર્મઝનૂની હતો. તેણે હિંદુ ધર્મના બધા જ ક્રિયાકાંડો, ઉત્સવો અને ધાર્મિક વિધિઓની મનાઈ ફરમાવી હતી. વળી તેણે મંદિરોમાં ઘંટનાદ કરવાની પણ મનાઈ ફરમાવી હતી. ભૂલચૂકે કોઈ ઘંટ વગાડે તો તેને પકડીને જેલમાં પૂરવામાં આવતો હતો. એ વખતે શ્રીચંદ્ર નામના પંડિતનો પુણ્યપ્રકોપ જાગી ઉઠ્યો. તેમણે યાકુબની સાન ઠેકાણે લાવવાનો નિશ્ચય કર્યો. તેમણે મંદિરમાં જઈ આંસુ સાથે પ્રભુને પ્રાર્થના કરતાં કહ્યું, 'હે ભગવાન !! આવા આતતાયીનો મુકાબલો કરવા મને બળ આપ.' તેમણે અન્ન જળનો ત્યાગ કરી પ્રાર્થના સહિત અખંડ ધૂન ચાલુ કરી. ત્રીજા દિવસે તો કૌતુક થયું. અને મંદિરના ઘંટનાદ આપોઆપ વાગવા લાગ્યા. સૈનિકો મંદિરમાં આવ્યા અને જોયું તો શ્રીચંદ્ર તો ધૂનમાં લીન હતા છતાં આપમેળે ઘંટનાદ થઈ રહ્યો હતો. સૈનિકો મુંઝાયા... કોની ધરપકડ કરવી ? તેઓ યાકુબને ખબર આપવા દોડ્યા. યાકુબને સૈનિકોની વાત પર વિશ્વાસ ન બેઠો એટલે એ ખુદ મંદિરમાં આવ્યો. જોયું તો ઘંટનાદ અવિરત ચાલુ હતો. અને શ્રીચંદ્ર ધૂનમાં લીન હતાં તેમની આંખમાં આસું વહી રહ્યા હતા. યાકુબે હુકમ કરતા કહ્યું, 'આ બાવાને જેલમાં પૂરી દો એટલે આ જાદુના ખેલ બંધ થઈ જશે.' શ્રીચંદ્રે યાકુબની સામે જોયું તો યાકુબ આંખ ન મિલાવી શક્યો. શ્રીચંદ્રે કહ્યું, 'મને જેલમાં પૂરવાથી આ ઘંટનાદ બંધ નહીં થાય.' શ્રીંચદ્રે યાકુબને કહ્યું, 'શું આપના ધર્મમાં કુરાનમાં ક્યાંક એવો આદેશ આપેલો છે કે બીજાના ધર્મની અવહેલના કરો, બીજાના ધર્મને ધિક્કારો. આ બધાં ફરમાવો કોના માટે ? અને શા માટે ? મને મારી નાખવાથી પણ મારા ધર્મનો નાશ નહીં થાય. તું નાશવંત છે. પણ ધર્મ તો અજેય છે. તે ધર્મ પછી ભલે તારો હોયકે મારો હોય.' યાકુબને શ્રીચંદ્રની વતા ગળે ઉતરી અને પોતાના બધા જ ફરમાવો પરત પાછા ખેંચી લીધા.

ઉમેદવારોની પસંદગી પક્ષોની કસોટી

તંત્રીસ્થાનેથી...

લોકસભાની ચૂંટમીના ધમધમાટ સાથે દરેક રાજકીય પાર્ટી ઉમેદવારોની પસંદગીમાં ખૂબ જ મહત્ત્વપૂર્ણ કામમાં પરોવાઈ ગઈ છે. પાર્ટીના મેનિફેસ્ટો અને સ્ટાર પ્રચારકોની સભાઓ જેટલું જ અગત્યનું કામ છે ઉમેદવાર પસંદ કરવાનું. ઉમેદવારમાં જ દમ ન હોય તો ગમે તેટલો પ્રચાર કરવા છતાં એને જિતાડવાની શક્યતા પર પ્રશ્નાર્થ જ લાગી જશે. ભારતીય જનતા પાર્ટી પાસે રાષ્ટ્રીય સ્તરે પ્રજા વચ્ચે મૂકવા જેવો વિશ્વ વિખ્યાત ચહેરો છે. કોંગ્રેસ હજી રાહુલ ગાંધીને એ કક્ષાએ ઊંચકી શકી નથી. અલબત્ત, અનેક પ્રતિકૂળતાઓ વચ્ચે રાહુલ ગાંધીએ એમના વિશે રૂઢ થયેલી અવધારણાઓ ખોટી પાડીને ધાર્યા કરતાં મોટું કાઢું કાઢ્યું છે. ખાસ તો એ મહિલાઓ અને વિદ્યાર્થીઓને સવિશેષ આકર્ષી શક્યા છે. એમણે અસરકારજ ભાષણબાજી પણ શીખી લીધી છે. વળી તેઓ સોફ્ટ હિંદુત્વના પ્રતીક તરીકે પણ પ્રજા વચ્ચે લોકપ્રિય બની રહ્યા છે. તેમ છતાં, મોદી જેવી હાજરજવાબી વાક્‌છટા કેળવતાં ઘણી વાર લાગશે. એમને માતા સોનિયા ગાંધીની જેમ લખેલું ભાષણ વાંચવું નથી પડતું એટલી સિદ્ધિ જરૂર ગણાવી શકાય. પરંતુ સાથે જ સર્વસ્વીકૃત નેગેટિવ પોઈન્ટ એ છે કે એમને પારિવારિક રાજકારણ ચલાવવું પડે છે. રાજાશાહીમાં જેમ વંશાનુગત રાજપત મળતું એમ નહેરુથી શરૂ થયેલી પારિવારિક રાજનીતિ રાહુલ અને પ્રિયંકા પર્યંત વિસ્તરી છે. પ્રિયંકા ગાંધી ઉત્તરપ્રદેશના એમના પરંપરાગત સંસદીય ક્ષેત્રોમાં રાહુલ ગાંધી કરતાં વધારે લોકપ્રિય છે. ઘણા લાંબા વખતથી એમને સક્રિય રાજકારણમાં ઉતારવાની લાગણી અને માગણી 'ભૈયા' સોનિયા નકારતાં રહ્યાં કારણ કે એમને મન 'ભૈયા' કહેતાં રાજકુંવર રાહુલ જ પ્રાયોરિટીમાં રહ્યાં છે. પરંતુપ્રજાજનો 'બિટિયા'ને પોંખવા ઉતાળવા થયા હતા અને એનું એક સ્પષ્ટ કારણ એ છે કે એના ચહેરામાં એમને ઈંદિરાજી હાજરાહજૂર દેખાય છે. વિધાનસભાની ચૂંટણી વખતે ચૂંટણી સલાહકારે ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી પદના ઉમેદવાર તરીકે પ્રિયંકાનું નામ જાહેર કરવાનું સૂચવ્યું ત્યારે તે માન્ય નહોતું કરાયું. પરંતુ આ વખતની લોકસભાની ચૂંટણી તો કોંગ્રેસ માટે અસ્તિત્વની લડાઈ બની રહેવાની છે, એટલે 'ભૈયા' અને 'ભૈયા' એ પ્રજાજનોની એ જૂની લાગણીનો પડઘો પાડ્યો છે. પ્રશાંત કિશોર જેવા તજજ્ઞની સલાહ ત્યારે અવગણી એનો અફસોસ પણ થતો હશે. પરંતુ છાતી સરસું દબાવી રાખેલું હુકમનું પાનું ઊતરતાં હોય એમ કોંગ્રેસી મા-દીકરીએ પ્રિયંકાને ઉત્તરપ્રદેશનાં પૂર્વાંચલમાં પ્રભારી બનાવી દઈ ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને અને પિતરાઈ ભાઈ વરુણ ગાંધી સહિત કાકી મેનકા ગાંધીને મૂંઝવણમાં મૂકી દીધા હતા. ગુજરાતમાં કોંગ્રેસને છેલ્લે જે જુદી જાતનો માર પડ્યો છે તે ભાજપની તરફેણમાં જશે એવું માની લેવું વધારે પડતું છે. અહીં પણ મોદી કરતાં પ્રિયંકાની સભાઓમાં વધુ ભીડ જામવાની શક્યતા નકારી શકાય એમ નથી. ભાજપના વર્તમાન સાંસદોએ પાંચ વર્ષ દરમિયાન ખાસ કશું ઉકાળ્યું નથી, એથી કાર્યકરો એમને બદલવાની બુલંદ માંગણી સાથે બહાર આવી રહ્યાં છે. બીજી તરફ કોંગ્રેસના આયાતી નેતાઓ સામે પણ ભાજપના પાયાના કાર્યકરોનો આક્રોશ છે. કોંગ્રેસ પાસે જિગ્નેશ મેવાણી - અલ્પેશ ઠાકોર અને હાર્દિક પટેલની યુવા ત્રિપુટી છે. ભાજપ પાસે ફૂટી ગયેલી તોપો છે અને ખુદ નરેન્દ્ર મોદી પાંચ વર્ષ અગાઉ હતા એટલા જુસ્સામાં નથી. 'મૈં ભી ચોકીદાર' વાળી વાત સામે 'ચૌકીદાર ચોર હૈ' ના નારા ગૂંજવાના છે. વચ્ચે ડૉ. પ્રવીણ તોગડિયા અને શંકરસિંહ વાઘેલા દ્વારા પ્રેરિત ઉમેદવારો કોને કેટલો ફાયદો કે નુકશાન પહોંચાડશે તે જોવું પણ રસપ્રદ બની રહેશે. અત્યારે તો હજી મોદી-શાહની ચાણક્ય - ચંદ્રગુપ્તની જોડી અને રાજમાતા સોનિયા - રાહુલની જોડી ઉમેદવારોની યાદી ફાઈનલ કરવામાં વ્યસ્ત છે. ગોવાના મુખ્યમંત્રીના છેલ્લા શ્વાસ ચાલી રહ્યા છે ત્યારે કોંગ્રેસ ગોવાની સત્તા હસ્તગત કરવા થનગની રહી છે અને મહાગઠબંધન થાય તે પહેલાં જ માયાવતીએ કોંગ્રેસને ડિંગો દેખાડી દીધો છે!

રાજકીય પક્ષોના સોશ્યલ મીડીયાથી કરાતા પ્રચાર ઉપર પ્રતિબંધ

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

લોક સભાની તાજેતરમાં ચૂંટણી યોજાવા જઈ રહી છે. આજના ટેકનીકલ યુગમાં હાઈટેક પ્રચાર માધ્યમથી જનતા સુધી પોતાના પક્ષનો પ્રચાર કરવા તમામ રાજકીય પક્ષો તૈયાર બેઠા છે પરંતુ ચૂંટણી પંચ પણ તેમની ઉપર બાજ નજર રાખી બેઠું છે. આગામી લોક સભાની ચૂંટણીમાં સોશ્યલ મીડીયામાં લોકોને ભ્રમીત કરે તેવા ફેક ન્યુઝનો મારો રહેશે. આવા ફેક ન્યુઝ ઉપર અંકુશ મુકવા ચૂંટણી પંચે ફેસબુક, ટવીટર, વોટસઅપ, ગુગલ સાથે વાતચીત કરી છે. સરકારે આ ચૂંટણી દરમ્યાન પોસ્ટ કરનાર તમામ રાજકીય પક્ષોની પોસ્ટને ૨૪ કલાકની અંદર જ દૂર કરવા, ડીલીટ કરવા જણાવ્યું છે.

ચૂંટણી પ્રચાર શરૂ થઈને ચૂંટણી પુરી થાય ત્યાં સુધી આવી પોસ્ટ રદ કરવા ચૂંટણી પંચે ગુગલના અધિકારીઓને એક બેઠકમાં જણાવ્યું છે. કોઈપણ પક્ષ કે પાર્ટીનો ચૂંટણી પુરી થવા સુધી પ્રચાર કરે નહિ.

ચૂંટણી પંચે જણાવ્યું છે કે વાટીંગ પહેલા રાજકીય પ્રચાર ઉપર પ્રતિબંધ લગાવ્યા પછી રાજકીય પક્ષ સોશ્યલ મીડીયાને પૈસા આપીને પ્રચાર કરવાનો પ્રયત્ન કરી શકે છે. આવા મામલા ઉપર બાજ નજર રાખી આવી તમામ પોસ્ટને તાત્કાલીક દુર કરવા ગુગલને જણાવેલ છે.

ઈન્ફોમેશન એકટ ૨૦૦૦ મુજબ તથા વ્યક્તિ સ્વતંત્રતાના નામે લોકો પોતાના વિચારોની આપલે સોશ્યલ મીડીયા દ્વારા કરી પોતે જ પક્ષને માનતા હોય તેનો આડકતરી રીતે પ્રચાર પ્રસાર કરે છે તેના ઉપર તથા ભ્રમીત પ્રચાર ઉપર પણ આ બાબતે ચૂંટણી પંચે બાન મુકયો છે. સરળતાથી, સહજતાથી તથા ઝડપી પ્રચાર માટે સોશ્યલ મીડીયાએ ઉત્તમ સાધન છે તે તમામ રાજકીય પક્ષો જાણે છે. સરકાર બનશે તો લોકો માટે શું શું કરશે તેનો ભરપુર પ્રચાર કરશે તેમજ વિરોધી પક્ષોની ખોટી વાતો ફેલાવી લોકોને ભ્રમીત કરવાની પુરેપુરી શકયતા છે. જે માટે આદર્શ આચાર સંહિતામાં આ વખતે સોશ્યલ મીડીયાના ભ્રમીત પ્રચાર માટે પણ પગલા ભરવામાં આવ્યા છે. કેટલાક નવા નિયમો બનાવી તેને અમલમાં ચૂંટણી પંચે મુકવાનું નક્કિ કરેલ છે તે માટે ગુગલના તથા સોશ્યલ મીડીયાના પ્રતિનિધિઓ સાથે બેઠક કરી નિતિ નિયમો સમજાવ્યા છે. આ નવા નિયમો મુજબ કોઈપણ રાજકીય પક્ષના નેતાનું ભાષણ નહિ આપે અથવા એવું કોઈ કામ નહિ કરે જેને કારણે કોઈ વ્યક્તિ વિશેષની વચ્ચે તણાવ પેદા થાય વોટ મેળવવા માટે કોઈ પણ પક્ષ કે ઉમેદવાર કોઈ વિશેષ જાતી કે ધર્મનો સહારો નહિ લે, ચૂંટણી દરમ્યાન કોઈ ધાર્મિક સ્થળનો ઉપયોગ નહિ કરે, મતદારોને કોઈપણ પ્રકારની લાંચ આપવા ઉપર રોક લગાવી છે. કોઈપણ જાતના પ્રલોભનોથી દૂર રાખવા પ્રયત્ન કરાશે. મતદાન કેન્દ્રના સો મીટરના દાયરાથી પ્રચાર પ્રસાર દૂર રાખવો પડશે. પંડાલ કે મંડપ બાંધી, ટેબલો સો મીટની અંદર મતદાનાને લોભ લાલચ આપી પોતાના તરફે મતદાન કરવા પ્રોત્સાહિન કરવા ઉપર પ્રતિબંધ લગાવ્યો છે. ૧૯૬૦ માં કેટલીક વિધાનસભાની ચૂંટણી માટે આદર્શ આચાર સંહિતા ચૂંટણી પંચ દ્વારા ઘડવામાં આવેલ જેને ૧૯૯૧ માં વધારે મજબુત બનાવી ટી.એન. સેશાને આનો ચુસ્ત રીતે અમલ કર્યો અને આદર્શ ચૂંટણી યોજી બતાવી.

રાજકીય પક્ષો અને ખાસ કરીને ચૂંટણી લડતા ઉમેદવારોના આચારણ અને વ્યવહારનો એક ખાસ માપદંડ બનાવ્યો છે. વરિષ્ટ પત્રકાર ભારત ભુષણના જણાવ્યા અનુસાર આચાર સંહિતાના કેસમાં ચૂંટણી પંચ ફકત નોટીસ જારી કરી શકે છે તેનાથી વધારે કાંઈ નહિ પરંતુ ટી.એન. સેશાને અમલમાં મુકેલ આચાર સંહિતા ભંગ બદલ કેટલીક જગ્યાએ ચૂંટણી રદ કરવામાં આવેલ તથા ઉમેદવારી રદબાતલ ઠરાવવા સુધીના બનાવો ભૂતકાળમાં બનવા પામેલ છે અને મામલો સુપ્રિમ કોર્ટ સુધી પહોંચેલ છે. આ માટે નવા નિયમો મુજબ સોશ્યલ મીડીયામાં તમામ જાહેરાતો આપતા પહેલા પંચની મંજુરી લેવાની રહેશે. દરેક ઉમેદવારે તેને પોતાનો પાન નંબર ફોર્મમાં દર્શાવવાનો રહેશે, પાંચ વર્ષના રીટર્ન જોડવાના રહેશે, મિલ્કતો જાહેર કરવાની રહેશે.

ગુગલ, ફેસબુક, ટીવટર અને યુ ટયુબને રાજકીય પક્ષો દ્વારા મળનારી જાહેરાતોનું વેરીફિકેશન કરવાનું રહેશે. ઉમેદવારો સોશ્યલ મીડીયા માટે જેટલો ખર્ચ કરશે તે તેના ચૂંટણી ખર્ચમાં જ ગણાશે. જે ઉમેદવાર તેનો પાન નંબર નહિ આપે તેની ઉમેદવારી રદ ગણાશે. ચૂંટણી પ્રચાર માટે ઈકો ફ્રેન્ડલી સામગ્રી અને ચીજવસ્તુનો ઉપયોગ કરવાનો રહેશે. આ વખતે પ્લાસ્ટીક ઉપર પ્રતિબંધ મુકયો છે.

કોઈપણ ઉમેદવાર અખબારમાં ફકત ત્રણ વખત જ જાહેરાત આપી શકશે. ચૂંટણી પ્રચાર માટે માઈક ઉપયોગ સવારે ૬ થી રાત્રીના ૧૦ વાગ્યા સુધી જ કરી શકશે. આ વખતની ચૂંટણી સોશ્યલ મીડીયાના આધારે જ લડાશે પરંતુ સોશ્યલ મીડીયા ઉપર ચૂંટણી પંચની બાજ નજર રહેશે.

ખીલે છે - વેદનાના છોડ પર પણ કોઈ પુષ્પ!

WhatsApp ઓફ ધી વીક
નેહલ ગઢવી

હોય છે -
સંબંધોની પણ કોઈ સુગંધ !
ખીલે છે -
વેદનાના છોડ પર પણ કોઈ પુષ્પ !
સીવે છે -
વસ્ત્ર, વખત ને ત્વચાના ઘાવ પણ સમયદોરો !

- પ્રજ્ઞા પટેલ (આકાશ ખોલી આપું)

આટલા મોટા વિશ્વમાં આપણે સૌ કોઈ કેટકેટલા સંબંધોના તાંતણે ગુંથાયેલા છીએ. એકબીજાને માટે જીવીએ છીએ, એકબીજાને ટેકે પાંગરીએ છીએ અને એકબીજાના સહવાસે જ પુષ્પની માફક ખરી પણ પડીએ છીએ ! મા-બાપ, સગા-સંબંધી, પાડોશીઓ, કુટુંબીજનો, શાળા, કૉલેજ અને નોકરીના સંબંધીઓ તેમજ સાથે ભણતા બાળકોની મમ્મીઓની દોસ્તી - આમ કેટકેટલા સંબંધોથી આપણે ગુંથાયેલા છીએ. પણ છતાં આપણા દરેકના જીવનમાં એવા એક કે એકથી વધુ સંબંધો પ્રવેશે છે કે જેના માટે આપણે 'out of the way' જઈને કંઈક કરી બેસીએ છીએ ! ક્યારેક જાણી-જોઈને, ક્યારેક અજાણતાં કે ક્યારેક ભાવમાં વહી જઈને આપણે દરેક સંબંધને થોડું 'વધુ' થોડું 'Extra' આપવાનો પ્રયાસ કરીએ છીએ.

જયારે સંબંધોમાં નખાતો આ થોડો વધુ પ્રયત્ન પ્રેમ, હૂંફ અને લાગણીથી મઘમઘી ઊઠે ત્યારે આપણે અંદરથી સંતુષ્ટ અને તૃપ્ત થઈ જઈએ છીએ. મા-બાપ, બાળકો, શિક્ષકો, મિત્રો, વડીલો આ સૌ કોઈ પોતાની ફરજના ભાગરૂપે કરવામાં આવતી રોજિંદી પ્રવૃત્તિમાં થોડો વધુ પ્રયત્ન ઉમેરો, થોડો વધુ ફેરફાર કરો ત્યારે તે સંબંધ વધુ સુંદર સ્વરુપ ધારણ કરી લે છે. પણ એ જ સમયે એક અપેક્ષાનું અંકુર ત્યાં ફૂટે છે કે આપણે કરેલું 'out of the way' પ્રકારનું વર્તન આવતીકાલે આપણે જરૂર હશે ત્યારે તે જ સામેની વ્યક્તિ એ જ પ્રકારે આપણા માટે પણ કરશે જ ! અને ત્યાં જ સમસ્યાની શરુઆત થાય છે. અમુક વ્યક્તિના સ્વભાવ જ બધું રાબેતા મુજબ, યથાયોગ્ય અને પ્રમાણસર કરવાનો હોય છે. માટે જયારે આ પ્રકારની વ્યક્તિ સાવ અંગત હોય કે અજાણી આપણે તેના પર કરેલી Favour ને એ માત્ર આભાર માનીને ત્યાં જ વાત પૂરી થયેલી સમજે છે. આપણી અપેક્ષાનો અંદાજ માત્ર પણ આવી વ્યક્તિઓને હોતો નથી.

એક સ્ત્રી જયારે ઘર-પરિવારને સંભાળવામાં જાતની કાળજી લેવાનું ભૂલી જાય છે ત્યારે તેને અપેક્ષા હોય જ છે કે આપણે તેને અહેસાસ કરાવીએ કે તે કેટલી કિંમતી, કેટલી અમૂલ્ય, કેટલી અણમોલ છે. અને આ જ પ્રમાણે એક પુરુષ શરીરની કાળજી રાખ્યા વિના રાત-દિવસ મહેનત કરીને પત્ની અને પરિવારનું ભવિષ્ય સવારવામાં ઓતપ્રોત થઈ જાય છે ત્યારે તેને પોતાની જાતને પ્રથમ પ્રેમ કરવાનું પરિવારના સભ્યો શીખવે તે જરૂરી છે. સુચિતા કપૂરે ખુબ સુંદર લખ્યું છે :

"આઈસીયુમાં મારા મોં પર ઓક્સિજન માસ્ક છે.
હોલ્ટર સતત મારા હૃદયની ગતિવિધિ માપી રહ્યું છે.
બહાર સ્વજનો આપ્તજનો ચિંતાતુર ચહેરે બેઠાં છે.
મારી આંખો બંધ છે
મારી ક્ષીણ થતી જતી ચેતનામાં
હોલ્ટરનો ગ્રાફ ઊંચો-નીચો થાય છે.
ડોક્ટરના શબ્દો વારંવાર
મારા માનસપટ પર પડઘાય છે.
'Careless, very very careless'
Careless about her own-self.
મારી આંખનો ખૂણો ભીંજાય છે.
એક આંસુ ઝળૂંબે છે.
મારું 'ઘાયલ' હૃદય ચિત્કારી ઊઠે છે.
તેં એક વાર, માત્ર એકવાર જ
જો મને કહ્યું હોત
કે હું કિમતી છું, તારા માટે જરૂરી છું.
તો હું careless ન રહી હોત.
મારું હૃદય ઘવાયું ન હોત.
મેં મારી જાતને સાચવી હોત.
અનમોલ રતન માફક જાળવી હોત.
મારા ગાલ પર આંસુ અને
હોલ્ટરમાં ગ્રાફ સ્થિર થઈ જાય છે."

ઑફિસમાં પ્રમોશન માટે કે બિઝનેશમાં ટોપ પર રહેવા માટે જો આપણે 'out of the way' જઈને પણ પ્રયાસો કરી શકતા હોઈએ તો અંગત સંબંધોમાં કેમ માત્ર રાબેતા મુજબ અને થાય એટલું જ કરીએ ? થોડો 'Extra effort' એમાં પણ નાખીને જોઈશું તો સંબંધ એક નવું જ સ્વરુપ બની સુંદર સ્વરુપે ખીલી ઊઠશે ! અને હા, આ પ્રકારે 'out of the way' જઈને કરવાં આવેલો પ્રયાસ મૂંગો હોય તો પણ એ અનુભવી શકાય છે જ !

Last Seen :
મોત સીધું, સરળ રહ્યું કાયમ,
જિંદગીએ જ દાવ બદલ્યો છે.

- પરાજિત ડાભી
nehalgadhavi101@gmail.com

આધુનિક ભારતના નિર્માતા એવા લોહાણા સપૂત ઠક્કરબાપાની ૧૫૦મી જયંતી



વર્ષ ૧૯૪૬માં મદ્રાસ(હવેના ચેન્નાઈ)માં મહાત્મા ગાંધી સાથે ઠક્કરબાપા

અતિતની આજ
ડૉ. હરિ દેસાઈ

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી (૨ ઓક્ટોબર ૧૮૬૯-૩૦ જાન્યુઆરી ૧૯૪૮)ની ૧૫૦મી જયંતીની રાષ્ટ્રવ્યાપી ઉજવણીના વર્ષ ૨૦૧૯ દરમિયાન ગાંધીવિચાર અને ચિંતન વિશે ભારે ગાજવીજ ચાલતી રહેવાની. એના ઉપક્રમો માટે અબજોનાં બજેટ કેન્દ્ર અને રાજયોની વિવિધ સરકારોએ ફાળવ્યાં છે.સંયોગવશાત્ મહાત્માથી છ મહિના મોટાં એમનાં ધર્મપત્ની અને આખું આયખું ગાંધીમાર્ગને અનુસરવામાં ખરચી નાંખનારાં પૂજ્ય કસ્તુરબા (૧૧ એપ્રિલ ૧૮૬૯-૨૨ ફેબ્રુઆરી ૧૯૪૪)ની પણ ૧૫૦મી જયંતીનું આ વર્ષ છે.ગાંધીસંસ્થાપિત ગૂજરાત વિદ્યાપીઠ તો બા અને બાપુની સાર્ધશતાબ્દી નિમિત્તે વિવિધ કાર્યક્રમો અને ગોષ્ઠીઓ યોજે છે. સત્ય એ જ ઈશ્વર અને હિંદુ-મુસ્લિમ એકતાના આગ્રહી મહાત્માના આદર્શોની વાતો ખૂબ સંભળાય છે,પણ એના અનુસરણના દુકાળના વાતાવરણમાં એક સાચા ગાંધીજન તેમજ આદિવાસી,દલિત અને સમગ્રપણે પછાતોના કે વંચિતોના મસીહા એવા ગાંધી-સરદારના ગુજરાતના જ દધીચિ એવા અમૃતલાલ વિઠ્ઠલદાસ ઠક્કર એટલે કે ઠક્કરબાપા (૨૯ નવેમ્બર ૧૮૬૯-૧૯ જાન્યુઆરી ૧૯૫૧)ની પણ ૧૫૦મી જયંતીનું આ વર્ષ હોવા છતાં જાણે કે એમને સાવ વિસારે પડાયા છે.

પંચમહાલમાં ઠક્કરબાપા અને સાથીઓ

લોહાણા મહાપુરુષનો સેવાયજ્ઞ

ભાવનગરના ઘોઘારી લોહાણા પરિવારમાં જન્મેલા, ભણતર અને વ્યવસાયે ઈજનેર એવા ઠક્કરબાપાએ કંઈકકેટલાંય રજવાડાં અને બ્રિટિશ સરકારમાં ઈજનેર તરીકે નોકરી કરીને છેલ્લે મુંબઈ પાલિકાની નોકરી ફેબ્રુઆરી ૧૯૧૪માં છોડી જનસેવાને જ પોતાનો ધર્મ લેખ્યો. મુંબઈના સફાઈ કામદારોની સહકારી મંડળી રચીને સેવાકીય પ્રવૃત્તિ કરનારા ઠક્કરબાપા પુણેના "ભારત સેવક સમાજ (સર્વન્ટ્સ ઑફ ઈન્ડિયા સોસાયટી)"ના માધ્યમથી અને ગાંધીજીના માર્ગદર્શનમાં કચ્છથી લઈને ઓડિશાના દુષ્કાળગ્રસ્તોને માટે સેવાકીય પ્રવૃત્તિ કરતા રહ્યા હતા. એમને ૧૯૧૯થી મુંબઈ છોડીને પંચમહાલ જિલ્લાના દાહોદ અને ઝાલોદ વિસ્તારના શોષિત અને પછાત આદિવાસીઓની સેવામાં જોતરવાનું પુણ્યકામ દાહોદના સુખદેવકાકા (ત્રિવેદી)એ કર્યું. એ ઘટનાનું પણ અત્યારે શતાબ્દી વર્ષ ચાલે છે.

ઠક્કરબાપાના ૧૯૫૧માં નિધન નિમિત્તે બહાર પડાયેલી ટપાલ ટિકિટ

આદિવાસી-દલિતના સાચા ઉદ્ધારક

ઠક્કરબાપા બંધારણસભાના સક્રિય સભ્ય પણ રહ્યા. આજે આદિવાસીઓ, દલિતો કે પછાતો અનામત સહિતની જે વિશેષ બંધારણીય સુવિધાઓ થકી વિકાસ સાધી શક્યા છે એમાં એમનું મસમોટું યોગદાન છે. સત્તાધીશો થકી લગભગ વિસારે પડાયેલા છતાં વંચિતોના દિલમાં વસતા આવા ત્યાગી પુરુષને સ્મરવાનો ઉપક્રમ દાહોદના ગુર્જર ભારતી ટ્રસ્ટ નામક શિક્ષણસંકુલના સૂત્રધાર ગોપાલભાઈ ધાનકા અને સાથીઓએ યોજ્યો. એ વિચારગોષ્ઠીમાં સહભાગી થવાનું સદભાગ્ય હમણાં પ્રાપ્ત થયું.

- **મુંબઈ છોડી પંચમહાલ દાહોદ-ઝાલોદ વિસ્તારના શોષિત-પછાત આદિવાસીઓની સેવામાં જોતરવાનું પણ શતાબ્દી વર્ષ**
- **સત્તાધીશો થકી વિસારે પડાયેલા ને વંચિતોના દિલમાં વસતા બાપા જેવા મહાપુરુષને સ્મરવાનો ગુર્જર ભારતીનો ઉપક્રમ**
- **ભાવનગરમાં જન્મેલા ગાંધીજનનાં સેવાકાર્યો થકી કન્યાકુમારીથી હરિદ્વાર અને સિંધથી આસામ સુધીની ધરતી પાવન**
- **જીવનમાં બે વાર લાંચ લીધાની અને જુવાનીના કાળમાં બેએક વાર વ્યભિચારનો દોષ જાહેરમાં કબૂલવાની હિંમત**

આજે પણ આદિવાસી ક્ષેત્રમાં ઠક્કરબાપા હાજરાહજૂર હોય એવી અનુભૂતિ થયા વિના રહી નહી. ઠક્કરબાપાએ ૧૯૨૨માં સ્થાપેલા ભીલ સેવા મંડળના યોગદાનની સુવાસ ચોમેર પ્રસરેલી છે. સંસ્થાના વર્તમાન ૯૧ વર્ષીય પ્રમુખ નરસિંહભાઈ હઠીલાએ કાન્તિલાલ મ.શાહલિખિત ગ્રંથ "ઠક્કરબાપા"નું સાર્ધશતાબ્દી નિમિત્તે પુનઃ પ્રકાશન કરાવીને બાપા પ્રત્યેના ઋણને ફેડવાનો યોગ્ય પ્રયાસ કર્યો છે.ભીલ સેવા મંડળનાં જ ઈલાબહેન દેસાઈ (ઝાલોદ) તેમ જ સંસ્થાના પ્રમુખ અને સાંસદ રહેલા સ્વ. જાલજીભાઈ ડીડોડના પુત્ર અને ગુજરાત સરકારમાં ટોચના હોદ્દે રહીને નિવૃત્ત થયેલા સ્વજન દિનેશ ડીડોડ સહિતના આદરાંજલિ માટે ઉમટેલા ભણેલાગણેલા વિશાળ સમુદાયને નિહાળીને બાપાએ વાવેલું સાર્થક થયાનું અનુભવાયું. ઠક્કરબાપાએ માત્ર આદિવાસીઓને જાગૃત અને શિક્ષણ માટે ભીલ સેવા મંડળની સ્થાપના કરી એટલું જ નહી, દલિતોદ્ધારનું કામ કરવા માટે તેમણે અંત્યજ સેવામંડળની પણ સ્થાપના કરી.તેઓ ૧૯૩૨થી જીવનના અંત સુધી હરિજન સેવક સંઘના મંત્રી પણ રહ્યા. એ યુગમાં ગુજરાતના ત્રણ પનોતા પુત્રોમાં ગાંધીજી, સરદાર પટેલ અને ઠક્કરબાપાનું નામ એકીસાથે લેવાતું રહ્યું છે.

વતન ભાવનગરમાં ય અપરિચિત !

ઠક્કરબાપા વર્ષમાં નવ